ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# ગાંધીનગરના રાજમાર્ગ પર ૧.૨૧ લાખ સાયકલો દોડે છે

## શહેરોના ૨૫ લાખ પરિવારો પાસે હજી વીજળીની સુવિધા પ્રાપ્ય નથી

સાયકલની સફર બહું રોમાંચક છે. પેટ્રોલ-ડિઝલના વાહનો ન હતા તે સમયથી સાયકલનો વપરાશ થાય છે. બળતણ વિનાનું વાહન કે જે હેલ્થ માટે ઉત્તમ પુરવાર થયું છે. ભલે તેનો વપરાશ ઘટ્યો હોય, ગુજરાતમાં આજની તારીખે હજી ૪૨,૪૧,૧૩૪ સાયકલો માર્ગો ઉપર ભ્રમણ કરી રહી છે. ગુજરાતના શહેરોમાં




સાયકલ એ લોકપ્રિય સાધન સાબિત થયું છે. રાજયના શહેરી વિસ્તારોમાં ૨૨.૮૧ લાખ જેટલી સાયકલો છે જયારે ગામડાઓમાં ૧૯.૫૯ લાખ સાયકલો અસ્તિત્વ ધરાવે છે. એક સમય હતો સાયકલ ચલાવવા પણ લાયસન્સની જરૂર પડતી હતી. ગાંધીનગરની સડકો ઉપર ૧.૨૧ લાખ સાયકલો દોડે છે અને રાજકોટમાં ૩.૫૫ લાખ સાયકલો માર્ગો ઉપર ટીન, ટીન ટોકરી વગાડે છે...

### અમિત શાહને વિધાનસભા યાદ આવી, ચીફ મિનિસ્ટર સાથે મુલાકાત

**પોણા બે લાખ RTI નો રેકોર્ડ**

...

### ભ્રષ્ટાચાર અટકાવવો છે, કચેરીઓમાં ફરિયાદ અને સૂચન પેટી મૂકો

રાઈટ ટુ ઈન્ફર્મેશન એક્ટ હેઠળ માહિતી આપવાનો ઈન્કાર કરનારા અથવા તો અધુરી માહિતી આપનારા સરકારી ઓફિસરોને ઈન્ફર્મેશન કમિશન સજા કરતી હોય છે. એક વર્ષમાં એવા ૨૬ અધિકારીઓ સામે કમિશને દંડનિય કાર્યવાહી કરી છે જે પૈકી ૧૨ ઓફિસરો પાસેથી કમિશને પ્રત્યેકને ૨૫,૦૦૦ રૂપિયાનો દંડ ભરવાનો આદેશ કર્યો છે. નવ અધિકારીઓને ૧૦,૦૦૦, ત્રણને ૧૫,૦૦૦ અને બે ઓફિસરોને ૫૦૦૦ રૂપિયા ભરવા પડ્યા છે. કમિશનના રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણે એક વર્ષમાં ૧,૭૨,૯૮૧ જેટલી અરજીઓ મળી હતી જેમાં સૌથી વધુ ૪૩,૦૦૦ જેટલી અરજીઓ શહેરી વિકાસ વિભાગની હતી, જયારે અપીલ કે ફરિયાદની સંખ્યા ૧૧,૩૬૦ જેટલી થવા જાય છે...

**બહાર તો ઠીક, જેલમાં પણ ગુના ...**

બહાર રહીને ગુના આચરતા અને ગુજરાતની જેલોમાં બંધ થયેલા કેદીઓ જેલમાં પણ તેમના ગુના



● અનુસંધાન પાન-૭ પર

# ઓફિસ આસિસ્ટન્ટ માટેની કમ્પ્યુટર ટેસ્ટ યોજાઈ

## ગત ૪ જાન્યુઆરીના રોજ લેખિત પરીક્ષા યોજાઈ હતી : ૨ લાખથી વધુ ઉમેદવારોમાંથી ૬૦૦નું મેરિટ લીસ્ટ જાહેર કર્યું : ઉમેદવારોએ ગુજરાતી-અંગ્રેજી ટાઈપીંગ તેમજ પાવરપોઈન્ટમાં સ્લાઈડો બનાવી

ગાંધીનગર, તા. ૧૫

ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા જિલ્લા મથક પર ઓફિસ આસિસ્ટન્ટ માટેની આજે કમ્પ્યુટર ટેસ્ટ લેવામાં આવી હતી. ૪, જાન્યુઆરીના રોજ આયોગ દ્વારા લેખિત પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં ૨ લાખથી વધુ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી.

ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આજે જિલ્લામથક પર ઓફિસ આસિસ્ટન્ટની જગ્યા માટે ૧૦૦ માર્કસની કમ્પ્યુટર ટેસ્ટ યોજવામાં આવી હતી. જેમાં અગાઉ લેખિતમાં પાસ થયેલા ૬૦૦ જેટલા ઉમેદવારો પરીક્ષા આપવા બેઠા હતા.

સરકાર દ્વારા મહેકમ પ્રમાણે ખુટતી જગ્યાઓ માટે ઓફિસ આસિસ્ટન્ટ માટે ગત ડિસેમ્બર માસ પહેલા ભરતી માટે જાહેરાત બહાર પાડવામાં આવી હતી. ત્યાર બાદ ગત ૪થી જાન્યુઆરી-૨૦૧૫ના રોજ ૨૦૦ માર્કસની લેખિત પરીક્ષા યોજવામાં આવી હતી. આ પરીક્ષા ૨ લાખથી વધુ શિક્ષિત બેરોજગારોએ ઓફિસ આસિસ્ટન્ટ બનવા માટે પરીક્ષા આપી હતી.

જેનું પરિણામ આયોગ દ્વારા ૧૦ ફેબ્રુઆરીના રોજ જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં ૬૦૦ ઉમેદવારોનું મેરીટ લીસ્ટ બહાર પાડવામાં આવ્યું હતું. ૬૦૦ ઉમેદવારો અંતિમ પ્રેક્ટીકલ પરીક્ષા માટે કાગડોળે રાહ જોઈ રહ્યા હતા કે ક્યારે પરીક્ષા લેવામાં આવે. આજરોજ ૧૦૦ માર્કસની કોમ્પ્યુટરની પરીક્ષા લેવામાં આવી હતી. આ પરીક્ષામાં અગાઉ લેખિત પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા ઉમેદવારો હાજર રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે હજુ પણ અનેક પરીક્ષાના પરિણામ લેખિત પરીક્ષા લીધા બાદ પણ જાહેર કરવામાં આવ્યા નથી. તેમજ લેખિત કે મૌખિક પરીક્ષા લીધા બાદ પણ પરિણામ જાહેર કરવામાં આવતા નથી ત્યારે ઉમેદવારોએ પરીક્ષા તો આપી છે પરંતુ આનુ પરિણામ ઝડપી જાહેર કરે તેવી ચર્ચા કરતા કરતા ઘર તરફ ડગ ભરતા નજરે ચડતા હતા.

# શહેર-જિલ્લમાં સ્વાઈન ફલુના માત્ર બે કેસ નોંધાયા

## જિલ્લામાં ૧૬૬ દર્દીઓ સાજા થઈ જતા હોસ્પિટલમાંથી રજા અપાઈ : ઝડપથી પરિસ્થિત નિયંત્રણમાં આવી રહી છે

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફલુનો કહેર ઘટવા પામ્યો છે. આજે જિલ્લામાં માત્ર ૨ જ કેસ નોંધાયા છે. આ સાથે જિલ્લામાં સ્વાઈન ફલુના દર્દીઓની સંખ્યા ૨૧૨ પર પહોંચી છે.

ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી એક અને ગાંધીનગર શહેરમાંથી એક કેસ સ્વાઈન ફલુનો પોઝીટીવ મળી આવ્યો છે. તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે પરિસ્થિતિ ઝડપથી નિયંત્રણમાં આવી જશે.

જિલ્લામાં ૧૬૬ દર્દીઓ સંપૂર્ણ સાજા થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. હાલ જિલ્લામાં ૧૯ દર્દીઓ સારવાર હેઠળ છે. જિલ્લામાં હવામાનમાં આવેલા પલ્ટાને કારણે કદાચ છુટાછવાયા કેસ મળી શકે તેવો ભય તંત્રને સતાવી જરૂર રહ્યો છે, પણ પરિસ્થિતિ ઝડપથી નિયંત્રણમાં આવશે તેવો વિશ્વાસ છે.

# ગાંધી-કથાના પ્રણેતા નારાયણ દેસાઈને ગાંધીનગરની ભાવભીની અંજલિ

## ગાંધી વિચાર-પ્રસારને કદી ન પુરાય તેવી ખોટ : યાદગાર ૭૫મી ગાંધીકથા ગાંધીનગરમાં કરી હતી : ગાંધીનગર સમાચારના કાર્યાલયની બે વખત મુલાકાત લીધી હતી : કડી યુનિવર્સિટીમાં યાદગાર પ્રવચન આપ્યું હતું

ગાંધીનગર, તા. ૧૫

ગાંધી કથાના પ્રણેતા નારાયણ દેસાઈની ચિરવિદાયથી ગાંધીનગરમાં ઘેરા શોકની લાગણી પ્રસરી હતી. નારાયણ દેસાઈનો ગાંધીનગર સાથે અનોખો નાતો રહ્યો હતો. ૭૫મી ગાંધી કથા, ગુજરાતી સાહિત્ય પરિષદનું અધિવેશન, કડી સર્વવિશ્વવિદ્યાલયમાં પ્રેરક વ્યાખ્યાન અને ગાંધીનગર સમાચારને તેમનું માર્ગદર્શન



હંમેશા સ્મરણપટ પર અંકાયેલું રહેશે. નારાયણ દેસાઈને ગાંધીનગરના સાહિત્યિક અને સાંસ્કૃતિક માહોલ માટે આદર હતો અને સાથોસાથ ગાંધીનગરની સ્વૈચ્છિક સંસ્થાઓમાં પણ નારાયણભાઈ માટે પૂજ્યભાવ હરહંમેશ રહ્યો છે અને રહેશે. વિશેષ ૨૦૦૬ની ગાંધીકથા - ગાંધીનગર શહેરના ઈતિહાસમાં એક અમર પ્રકરણ બનીને સચવાશે.

નારાયણ દેસાઈનો ગાંધીનગર સાથે અવિસ્મરણીય નાતો રહ્યો હતો. તેમણે જુન-૨૦૦૬માં નગરના ટાઉનહોલમાં યાદગાર ગાંધીકથા પ્રસ્તુત કરી હતી. આ તેમની ૭૫મી ગાંધીકથા હતી. જે પાંચ દિવસ ચાલી હતી અને તમામ પાંચેય દિવસ સવારે ૮ થી ૧૧ કથા સમય દરમ્યાન ટાઉનહોલ હકડેઠઠ ભીડથી ખીચોખીચ ભરાયેલો રહ્યો હતો અને બહાર લોનમાં પણ એલસીડી સ્ક્રીન મુકીને લાઈવ પ્રસારણ કરાયું હતું. નારાયણ દેસાઈએ ગાંધીનગર સમાચાર કાર્યાલયની પણ મુલાકાત લીધી હતી તેની સ્મૃતિ હજુ પણ એટલી જ તાજી છે.

સ્વ. નારાયણ દેસાઈને રાજ્યના પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના અધ્યક્ષ મહેન્દ્ર ત્રિવેદી, ગાંધીનગર કલ્ચરલ ફોરમના પ્રમુખ કૃષ્ણકાન્ત જહા, સિનિયર સીટીઝન કાઉન્સીલના ભાનુભાઈ ત્રિવેદી અને ગાંધીનગર રોટરી કલબના પૂર્વ પ્રમુખ જશવંત ગાંધીએ ભારે શોકની લાગણી સાથે હૃદયપુર્વકની શ્રદ્ધાંજલિ અર્પિત કરી છે. ગુજરાત સહિત દેશે ગાંધી વિચારનો એક લડવૈયો ગુમાવ્યો છે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમ સદગત નારાયણભાઈ દેસાઈને વ્યથિત હૃદયે અંજલિ આપે છે. નારાયણ દેસાઈ પ્રેરિત ગાંધી વિચારની જ્યોત જલતી રાખવાનો પુરુષોર્થ જ સદગતને સાચી અંજલિ આપી ગણાશે.

સ્વ. નારાયણ દેસાઈનો જન્મ ૨૪મી ડિસેમ્બર-૧૯૨૪ના રોજ બુલસર (હાલનું વલસાડ) મુકામે થયો હતો. તેઓ બુનિયાદી શિક્ષણ અને ચરખો ચલાવવા તેમજ ખાદી કાંતવામાં નિષ્ણાંત હતા. તેમણે વિનોભા ભાવે પ્રેરિત ભૂદાન ચળવળમાં લોકનાયક જયપ્રકાશ નારાયણ સાથે સક્રિય ભૂમિકા ભજવી હતી. તેમણે પાવન પ્રસંગો, જયપ્રકાશ નારાયણ, ગાંધી હશે ક્યાંક ભારતમાં, સામ્યયોગ વિનોભા, ભૂદાન આરોહણ, મા ધરતીના ખોળે, માટીનો માનવ, સર્વોદય શું છે ? અને ગાંધી વિચારો જુનવાણી થઈ ગયા છે જેવા અનેક પુસ્તકો લખ્યા હતા. તેઓ વિશ્વશાંતિ માટે પણ કાર્યશીલ રહ્યા હતા અને વોર રેસિસ્ટર્સ ઈન્ટરનેશનલના ચેરમેન પણ રહી ચુક્યા હતા. તેમને વિશ્વ શાંતિના પ્રયાસો માટે યુનેસ્કો દ્વારા આંતરરાષ્ટ્રીય ખિતાબ દ્વારા સન્માનવામાં પણ આવ્યા હતા. દેશમાં કટોકટીના વિરોધમાં તેમજ જનતા પાર્ટીના નિર્માણમાં ખૂબ અગત્યની ભૂમિકા ભજવી હતી. તેમણે વેડછી ખાતે સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલયની સ્થાપના કરી હતી અને તેઓ ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ પદે ૨૦૦૭ થી કાર્યરત રહ્યા હતા અને ૨૦૧૪માં રાજીનામુ આપ્યું હતું. છેલ્લે તેઓએ ‘ગાંધીકથા’ માધ્યમ દ્વારા ગાંધી વિચારને જન-જન સુધી પહોંચાડવાનું બીડુ ઝડપ્યું હતું. જે ખૂબ આવકાર પામ્યું હતું. આવા ઉદ્દામ ગાંધીજનને લોકો વર્ષો સુધી યાદ રાખશે અને પ્રેરણા મેળવતા રહેશે.



બાળ કલાકારો - નગરની જાણીતી પ્રિ-પ્રાયરમી સ્કૂલ ‘બડ્સ પ્લે ગૃપ’નો સાંસ્કૃતિક વાર્ષિકોત્સવ ઉજવાયો હતો. ટાઉનહોલના મંચ પરથી નાના નાના ભૂલકાઓએ કાલીઘેલી ભાષામાં અભિવ્યક્તિ કરી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. નિર્દોષ અને નાનકડા બાળકો અભિનય અને ગાન સાથે અભિવ્યક્તિ કરે છે ત્યારે માહોલ જ રંગબેરંગી સર્જાય છે અને એમાય પતંગિયા જેવા બાળકો જીવનની પ્રારંભિક અભિવ્યક્તિ કરી વિશ્વાસ નિર્માણનું પ્રથમ ચરણ માંડે છે ત્યારે માતા-પિતા અને દાદા-દાદીના મન હરખાતા જોવા મળે છે. (તસવીર : દિપક જાની)




# જિલ્લામાં કુટિર ઉદ્યોગોની સ્થાપનામાં તંત્રના ઉદાસીન વલણની ચોમેર ટીકા

## બે વર્ષમાં મળેલ અરજીઓ પૈકી ૨૭ ટકા અરજદારોના એકમો કાર્યરત થઈ શક્યા છે

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લામાં નવા કુટિર ઉદ્યોગો શરૂ કરવામાં તંત્ર અને બેંકિંગ ક્ષેત્રની ઉદાસીનતાએ બેરોજગારીમાં વધારો કર્યો છે અને જિલ્લાના આર્થિક વિકાસમાં રૂકાવટો પેદા કરી છે.

ગાંધીનગર જિલ્લામાં ૧-૧-૧૩ થી ૩૧-૧૨-૧૪ ના બે વર્ષના ગાળામાં ૫૮૪૧ અરજદારોએ નવા કુટિર ઉદ્યોગો શરૂ કરવા માટેની અરજી જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સમક્ષ કરી હતી, પરંતુ આ સામે જિલ્લા તંત્ર દ્વારા માત્ર ૧૫૮૭ નવા કુટિર ઉદ્યોગો કાર્યરત થયાનું જણાવાયુ છે.

જિલ્લાના અર્થકારણમાં બદલાવની વાતો તંત્ર દ્વારા કેવી પોકળ પુરવાર થઈ રહી છે તેનો આ જીવતો જાગતો દાખલો છે. બે વર્ષમાં મળેલ ૫૮૦૦ થી વધુ અરજીઓ પૈકી માત્ર ૨૭ ટકા અરજીઓનો જ નિકાલ થયો છે !!!

મળતી વિગતો પ્રમાણે ૧-૧-૧૩ થી ૩૧-૧૨-૧૩ દરમ્યાન ૩૦૬૪ અરજીઓ મળી હતી. જે પૈકી ૧૦૮૫ ઉદ્યોગો કાર્યરત થઈ શક્યા હતા. આ ઉદ્યોગોને સરકાર દ્વારા ૮૭.૭૬ લાખની સહાય પણ ચુકવવામાં આવી હતી.

તા. ૧-૧-૧૪ થી ૩૧-૧૨-૧૪ દરમ્યાન જિલ્લા ઉદ્યોગ કેન્દ્રને ૨૭૭૭ અરજીઓ નવા કુટિર ઉદ્યોગો શરૂ કરવા માટેની મળી હતી. આ પૈકી ૫૦૨ ઉદ્યોગો જ કાર્યરત થયા છે. જે મળેલ અરજીના ૧૮ ટકા નિકાલ દર્શાવે છે. આ ૫૦૨ ઉદ્યોગકારોને રૂ. ૩૧.૩૪ લાખની સહાય ચુકવવામાં આવી છે.

જિલ્લાની બેંકર્સ કમિટીમાં પણ સ્વરોજગારીની યોજનાઓની ધિરાણ અરજીઓના નિકાલ બાબતે નકારાત્મક વલણ ત્યજવા માટે જિલ્લા કલેકટરની વારંવાર ચેતવણીઓ પછી પણ તેની કોઈ અસર બેંકિંગ સેક્ટર પર કે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર પર થતી જણાતી નથી.

જિલ્લાના અર્થતંત્રને વેગીલુ બનાવવાના સરકારના પ્રયાસોને સરકારી તંત્ર જ ખોડંગુ બનાવી રહ્યા છે. સરકાર ગમે તેવા ગતિશીલ ગુજરાતની વાતો કરે પણ તે માત્ર કાગળ પરના વાઘ સિવાય કંઈજ નથી.

જિલ્લામાં નવા કુટિર ઉદ્યોગો કે લઘુ ઉદ્યોગો માટે આજે પણ તંત્ર દ્વારા કોઈ જ કાળજી લેવામાં આવતી નથી. જિલ્લામાં નવી ઔદ્યોગિક વસાહતો શરૂ કરવા માટેની દરખાસ્તો સરકારમાં પડતર પડી છે તેમજ જે વસાહતો છે તેમાં પણ બંધ એકમોની સંખ્યા મોટી છે.

ગાંધીનગરમાં આઈ.ટી.ના એસ.ઈ.ઝેડ બનાવવા માટેની દરખાસ્તો મંજૂર થયા પછી આજે પણ અહિ એકમ એસઈઝેડ કાર્યરત થયાનું જણાતુ નથી. ગાંધીનગરમાં પ્રદૂષણ રહિત ઉદ્યોગો સ્થાપવાની સરકારની નીતિનો અમલ પણ કરવામાં તંત્રની ઉદાસીનતાએ જિલ્લાના યુવાનોમાં નિરાશા ઉભી કરવા સિવાય બીજુ કંઈ જ કર્યું નથી. હવે તો યુવાનો પણ બોલતા થયા છે કે તંત્રનો આ નાનો ડંખ મોટો ભય બની ઉભરી રહ્યો છે.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
અક્ષી
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

SANGHI CEMENT
KisaN
ashirvad
C. PVC, UPVC
TATA
STEEL • PIPES • SHEETS
VINAYAK 500
TMT BARS - ISI
BENELAVE
BATH FITTINGS
DR.FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com